# Akila

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

**Date: 18/04/2015 | Edition: Ahmedabad | Page: 4 | Source: Bureau | Clip size (cm): W: 9 H: 8**

**Clip: 1 of 1**


# સ્કીપર લિ. એ પીવીસી પાઇપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં આગમનની જાહેરાત

અમદાવાદ તા.૧૫ : ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રકચર અને વોટર ટ્રાન્સમિશન સેકટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨ )એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશોધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યુ છે. કેટલીક સામાજીક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એકસલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨૦૦૦ અર્ધ કુશળ અથવા અકુશળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. તેની આ પહેલ મારફત કંપનીનો આશય પ્લમ્બિંગ અને કૃષિ સેકટર માટે સક્ષમતા અને વિકાસના આધારે જથ્થા અને ગુણવતામાં તાલિમબદ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરીયાત પૂરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે.(૨૩.૫)